RESEARCH PAPER

Research Review Journal of Social Science
e-ISSN: 2583-2867 | Vol-02 | No-02 | Jul-Dec 2022 | pp. 6-17
Double-Blind Peer Reviewed/ Refereed Bi-annual Journal

Status and challenges of banking sector in Gujarat

ગુજરાતમાં બેન્કિંગ ક્ષેત્રની સ્થિતિ અને પડકારો

*Dr. Bhavesh N. Desai

Assistant Professor in Economics, Department of Commerce, M. K. Bhavnagar University, Bhavnagar, Gujarat-364001

Abstract

The place of banks is considered very important in the present industrial age. Because it performs valuable services that are very important in our economic life. In the early stages of development, a single bank performed many types of operations, but with the passage of time, as the spectrum of economic activity began to expand, it became impossible for a single bank to perform many types of operations. As a result, specialization took place in the banking activity over time and gradually a customized banking structure began to develop and today various specialized banks have come into existence everywhere to provide financial facilities to different economic activities as per their requirements. This paper has attempted to examine the four key indicators of the banking sector such as number of branches, deposit and credit ratio and ATM status. After the economic reform, there is an improvement in the position of the private sector compared to the public sector in these matters.

Keywords: *Banking Branch, Deposit, Loan, Credit, ATM*

Abstract in Gujarati Language:

વર્તમાન ઔદ્યોગિક યુગમાં બેન્કોનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આપણા આર્થિક જીવનમાં જેનું ખૂબ જ મહત્વ રહેલું છે તેવી મૂલ્યવાન સેવાઓ બજાવવાનું કાર્ય તે કરે છે. વિકાસના પ્રથમ તબક્કામાં એક જ બેંક અનેક પ્રકારની કામગીરી કરતી હતી પરંતુ સમયની સાથે સાથે જેમ જેમ આર્થિક પ્રવૃત્તિનું ફલક વિસ્તરવા લાગ્યું તેમ તેમ કોઈ એક બેંક માટે અનેક પ્રકારની કામગીરી કરવાનું અશક્ય બન્યું. પરિણામે સમય જતા બેન્કિંગ પ્રવૃતિમાં વિશિષ્ટિકરણે સ્થાન લીધું અને ધીમે ધીમે વૈવિધ્યપૂર્ણ બેન્કિંગ માળખાનો વિકાસ થવા લાગ્યો અને આજે સર્વત્ર જુદી જુદી આર્થિક પ્રવૃતિને તેની જરૂરીયાત અનુસાર નાણાકીય સવલતો પૂરી પાડવા માટે અનેકવિધ વિશિષ્ટ બેંકો અસ્તિત્વમાં આવી છે. બેન્કિંગક્ષેત્રના ચાર મુખ્ય નિર્દેશકો જેવા કે શાખાઓનું પ્રમાણ, થાપણ અને શાખનું પ્રમાણ તેમજ એટીએમની સ્થિતિ તપાસવાનો આ પેપરમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આર્થિક સુધારા બાદ આ બાબતોમાં જાહેરક્ષેત્રની તુલનાએ ખાનગીક્ષેત્રની સ્થિતિમાં સુધારો જોવા મળે છે.

Keywords: *બેન્કિંગ શાખા, થાપણ, ધિરાણ, શાખ, એટીએમ.*

Article Publication

Published Online: 31-Dec-2022

***Author's Correspondence**

Dr. Bhavesh N. Desai

Assistant Professor in Economics, Department of Commerce, M. K. Bhavnagar University, Bhavnagar, Gujarat-364001

bndesai77[at]gmail.com

10.31305/rrjss.2022.v02.n02.002

© 2022 The Authors. Published by Research Review Journal of Social Science. This is an open access article under the CC BY-NC-ND license
(https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/)

Scan and Access Article Online

પૂર્વભૂમિકા:

આધુનિક યુગમાં મૂડીએ કોઇપણ આર્થિકક્ષેત્રના વિકાસનો પ્રાણ છે. જેમ પ્રાણ વગર જીવન શક્ય નથી તેમ મૂડી વિના કોઇપણ આર્થિકક્ષેત્રનો વિકાસ શક્ય નથી. વિશિષ્ટ બેન્કિંગ માળખું વિવિધ આર્થિક ક્ષેત્રોને નાણારૂપી પેટ્રોલ પૂરું પાડીને વિકાસ તરફ પ્રયાણ કરવા માટેની શક્તિ પ્રદાન કરે છે. વર્તમાન ઔદ્યોગિક યુગમાં બેન્કોનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આપણા

આર્થિક જીવનમાં જેનું ખૂબ જ મહત્વ રહેલું છે તેવી મૂલ્યવાન સેવાઓ બજાવવાનું કાર્ય તે કરે છે. વિકાસના પ્રથમ તબક્કામાં એક જ બેંક અનેક પ્રકારની કામગીરી કરતી હતી પરંતુ સમયની સાથે સાથે જેમ જેમ આર્થિક પ્રવૃત્તિનું ફલક વિસ્તરવા લાગ્યું તેમ તેમ કોઈ એક બેંક માટે અનેક પ્રકારની કામગીરી કરવાનું અશક્ય બન્યું. પરિણામે સમય જતા બેન્કિંગ પ્રવૃતિમાં વિશિષ્ટિકરણે સ્થાન લીધું અને ધીમે ધીમે વૈવિધ્યપૂર્ણ બેન્કિંગ માળખાનો વિકાસ થવા લાગ્યો અને આજે સર્વત્ર જુદી જુદી આર્થિક પ્રવૃતિને તેની જરૂરીયાત અનુસાર નાણાકીય સવલતો પૂરી પાડવા માટે અનેકવિધ વિશિષ્ટ બેંકો અસ્તિત્વમાં આવી છે, ટૂંકમાં આધુનિક યુગમાં બેન્કોના કાર્યફલકનો એટલો મોટો વિસ્તાર થયો છે કે જેથી વિશ્વના વિકસિત અને વિકાસમાન દેશોમાં કોઈ એવું આર્થિક ક્ષેત્ર નથી જોવા મળતું કે જેને માટે વિશિષ્ટ પ્રકારની અલગ અલગ બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ ન હોય. આ સંશોધન પેપરમાં ગુજરાતમાં આયોજનકાળ અને ત્યાર બાદ થયેલા આર્થિક સુધારાઓ પછી બેન્કિંગક્ષેતે થયેલી વૃદ્ધિ અને વલણો તપાસવામાં આવ્યા છે.

આ વિષયના સંદર્ભમાં જુદા જુદા કેટલાક અભ્યાસો થયા છે. જેમાં ગજેન્દ્ર કૌશિક અને પ્રીતિ (૨૦૧૯)એ બેન્કિંગ અને વીમા ક્ષેત્રના વર્તમાન વલણો અને પડકારો પર કરેલા અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે જાહેર ક્ષેત્રની બેંકો સેવાઓ આપવામાં, નફાની સ્થિતિ અને બિન ઉત્પાદકીય સંપતિના સંદર્ભમાં અન્ય બેંકોની સરખામણીએ ઘણી પાછળ છે. આ અભ્યાસમાં એ પણ જોવા મળ્યું છે કે જાહેર અને ખાનગી બન્ને બેન્કિંગક્ષેત્ર એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે જેથી ઝડપી સેવા અને ખર્ચમાં બચત થઇ રહી છે. સ્નેહલ હેરવાદકર (૨૦૨૦-૨૧) દ્વારા ટ્રેન્ડસ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેન્કિંગ ઇન ઇન્ડિયા પર તૈયાર કરવામાં આવેલ અહેવાલ દર્શાવે છે કે વર્ષ ૨૦૧૯ પછી બેન્કોની શાખ વૃદ્ધિનું પ્રમાણ ઘટી રહ્યું છે. આ અભ્યાસમાં બેન્ચમાર્ક પ્રાઈમ લેન્ડીંગ દરને સ્વતંત્ર ચલ અને શાખને પરતંત્ર દર તરીકે લેવામાં આવ્યો છે, જેમાં એવું જોવા મળ્યું છે કે મંદ શાખવૃદ્ધિ કાતર અસરને પ્રતિબિંબિત કરે છે. ઔદ્યોગિક પ્રવૃત્તિ અને મૂડીરોકાણ શાખની માંગને અવરોધે છે. આ અહેવાલમાં એવું પણ જોવા મળ્યું છે કે ૨૦૨૦ની તુલનાએ ૨૦૨૧માં જાહેરક્ષેત્રની બેન્કોના એટીએમની સંખ્યા ઘટી છે અને અન્ય બેન્કોના એટીએમની સંખ્યામાં વધારો થયો છે. ઉપરોક્ત અભ્યાસો મોટાભાગે સમગ્ર ભારતમાં બેન્કિંગક્ષેત્રનો વિકાસ, વૃદ્ધિ અને નફાકારકતા પર થયેલા છે. પરંતુ આયોજનકાળ અને આર્થિક સુધારા બાદ ગુજરાત રાજ્યમાં બેન્કીન્ગના જુદા જુદા નિર્દેશકો જેવા કે શાખાઓનું પ્રમાણ, શાખનું પ્રમાણ અને થાપણનું પ્રમાણ, બેન્કિંગની આધુનિક સેવાઓ વગેરેના વલણો અને વૃદ્ધીમાં કેવું પરિવર્તન આવ્યું છે તે બાબત જોવા મળતી નથી. આથી આ પેપરમાં આ નિર્દેશકોના સંદર્ભમાં કેટલાક હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ સંશોધન પેપરમાં આયોજનકાળ અને નવા આર્થિક સુધારા બાદ જુદી જુદી પ્રકારની બેન્કોની શાખાઓના પ્રમાણમાં આવેલા બદલાવનો વલણો તપાસવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યમાં આર્થિક સુધારા બાદ અલગ અલગ પ્રકારની બેન્કોમાં થાપણ અને શાખમાં થયેલી વૃદ્ધિને તપાસવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ બેંકો દ્વારા આપવામાં આવતી એ.ટી.એમ. સેવામાં આવેલું પરિવર્તનનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

બેન્કિંગક્ષેત્રની વૃદ્ધિ અને વલણો પરનો આ અભ્યાસ મુખ્યત્વે ગૌણ માહિતી પર આધારિત છે. બેન્કિંગક્ષેત્રના વિવિધ નિર્દેશકો જેવા કે શાખાઓનું પ્રમાણ, શાખનું પ્રમાણ, થાપણોનું પ્રમાણ, વિવિધ સેવાઓ વગેરેની માહિતી CMIEની વેબસાઈટ પરથી લેવામાં આવી છે. આ માહિતીને જુદા જુદા કોષ્ટકો અને આલેખના સ્વરૂપમાં રજુ કરવામાં આવી છે. આ ઉપરાંત આ નિર્દેશકોના વિશ્લેષણ માટે જુદી જુદી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ જેવી કે સરાસરી, પ્રસારમાન, સહસબંધ વગેરે માપોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ સંશોધનપત્ર મુખ્ય ત્રણ વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. પ્રથમ વિભાગમાં પૂર્વભૂમિકા, સાહિત્ય સમીક્ષા, હેતુઓ, અભ્યાસ પદ્ધતિ વગેરે રજૂ કરવામાં આવ્યા છે. દ્વિતીય વિભાગમાં બેન્કીન્ગના મેળવેલા જુદા જુદા નિર્દેશકો જેવા કે શાખાઓનું પ્રમાણ, થાપણ અને શાખનું પ્રમાણ, એટીએમ સેવા વગેરેનું વિશ્લેષણ દર્શાવવામાં આવ્યું છે. છેલ્લા વિભાગમાં વિશ્લેષણ પર આધારિત નિષ્કર્ષ રજુ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં બેન્કીંગક્ષેત્રની વૃદ્ધિ અને વલણો:

આઝાદી પહેલા અને આઝાદી દરમિયાન સમગ્ર ભારતમાં તમામ બેંકો ખાનગીક્ષેત્રની બેંકો હતી પરંતુ આ બેંકો રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપવાને બદલે માત્ર પોતાના નફાને પ્રાધાન્ય આપતી હતી. આથી સરકાર દ્વારા સૌપ્રથમ ૧૯૪૯માં રીઝર્વ બેંક, ૧૯૫૫માં

સ્ટેટ બેંક અને ૧૯૬૯મા ૧૪ બેંકો તેમજ ૧૯૮૦મા ૬ મોટી બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. ભારત સરકારે ૧૯૯૧માં આર્થિકક્ષેત્રે નવા સુધારાઓ દાખલ કર્યા જેમાં બેન્કિંગક્ષેત્ર પણ બાકાત ન હતું. બેન્કિંગક્ષેત્રની સમસ્યાઓના નિરાકરણ માટે બેન્કિંગ સુધારા હાથ ધરવા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી. આ સમિતિઓ દ્વારા કરવામાં આવેલી કેટલીક ભલામણોનો સરકાર દ્વારા અમલ પણ કરવામાં આવ્યો. આ સમગ્ર સુધારાની ગુજરાતના સંદર્ભે બેન્કિંગક્ષેત્રે કેવી અસર પડી છે તે તપાસવાનો આ પેપરમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ક્ષેત્રના કેટલાક નિર્દેશકો પસંદ કરી આલેખ સ્વરૂપમાં રજૂ કરી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

બેન્કિંગ શાખાઓનું પ્રમાણ:

બેન્કિંગ શાખાઓનું પ્રમાણ દેશમાં બેન્કિંગ સેવાઓના ફેલાવા માટે ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં વધારો થવાથી કોઈ એક બેંક શાખા પર સેવાઓનો બોજો ઘટે છે, સાથે સાથે વધારે વિસ્તારમાં ફેલાવાથી વધુ લોકો બેંકિંગ સેવા સાથે જોડાય શકે છે. આથી નાણાકીય સમાવેશકતાનો ધ્યેય પણ સિદ્ધ થઇ શકે છે. અહી આર્થિક સુધારા બાદ બેન્કિંગ શાખાઓની વૃદ્ધિ અને વલણ કેવું જોવા મળ્યું છે તે તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

બેન્કિંગ માળખા પ્રમાણે બેન્કિંગ શાખાઓનું પ્રમાણ:



સોર્સ: સીએમઆઈઈ

ગુજરાત રાજ્યમાં ૧૯૯૧માં જાહેરક્ષેત્રની બેન્કિંગ શાખાઓનું પ્રમાણ કુલ શાખાઓમાં ૮૬.૬૩ ટકા જેટલું હતું જે ૨૦૧૬-૧૭મા ઘટીને ૭૧.૪૮ ટકા થયું હતું. જ્યારે આ જ સમયગાળામાં ખાનગીક્ષેત્રની બેન્કોની શાખાઓનું પ્રામાણ જે ૦.૮૧ ટકા હતું તે વધીને ૧૯.૫૧ ટકા જેટલું થયું હતું. આ સાથે પ્રાદેશિક ગરમીન બેન્કની શાખાઓનું પ્રમાણ પણ ઘટ્યું હતું અને વિદેશી બેન્કોની શાખાઓના પ્રમાણમાં કોઈ ફેરફાર થયો નથી. જાહેરક્ષેત્રની બેંક શાખાઓના પ્રમાણમાં ઘટાડો થવાનું કારણ એ છે કે કેટલીક બેન્કોનું જોડાણ થવાથી તેનું પ્રમાણ ઘટ્યું છે.

વિસ્તાર મુજબ બેન્કિંગ શાખાઓનું પ્રમાણ:



ઉપરોક્ત આલેખ પરથી ખ્યાલ આવે છે કે ૧૯૯૧ પછી ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે. જ્યારે ૭૦ના દસકામાં બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું ત્યારે ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓનું વિસ્તરણ કરવું તેવો ગોલ રાખવામાં આવ્યો હતો. આ ધ્યેય પ્રમાણે બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં વધારો પણ થયો હતો. પરંતુ ૧૯૯૧ પછી ખાનગી બેન્કોનો વ્યાપ વધવાથી અને ગ્રામીણક્ષેત્રે બેન્કિંગ શાખાઓ કા તો ખોટમાં અથવા તો ખાસ આવક ઉભી ન કરી શકવાને કારણે જાહેરક્ષેત્રની બેન્કોને ગ્રામીણક્ષેત્રે બેન્કોની શાખાઓ ખોલવામાં ખાસ રસ દાખવ્યો ન હોવાથી ગ્રામિણક્ષેત્રે શાખાઓના પ્રમાણમાં ઘટાડો થયેલો માલુમ પડે છે. આ ઉપરાંત કેટલાક ગ્રામીણ વિસ્તાર અર્ધ શહેરી વિસ્તારમાં તબદીલ થવાથી પણ આ ક્ષેત્રમાં શાખાઓના પ્રમાણમાં વધારો થયેલો માલુમ પડે છે. જ્યારે મેટ્રોપોલીટન સિટીમાં બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં ઘણો વધારો થયેલો જોવા મળે છે. આ સીટી વસ્તીની અને ઉદ્યોગ વ્યવસાયની દ્રષ્ટિએ વધુ વિસ્તર્યા હોવાથી બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં ખાસ્સો વધારો થયેલો જોવા મળે છે. અર્ધ શહેરી વિસ્તારમાં બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં છેલ્લા ત્રીસ વર્ષના ગાળામાં નજીવો વધારો થયેલો છે. જ્યારે શહેરી વિસ્તારમાં આ સમયગાળા દરમિયાન ખાસ કોઈ ફેરફાર થયો નથી. આમ ગ્રામીણ વિસ્તારમાં જે શાખાઓનું પ્રમાણ ઘટતું જાય છે તે મેટ્રોપોલીટન શહેરોમાં વધતું જાય છે.

2.1.3 બેન્કિંગ જૂથ અને વિસ્તાર પ્રમાણે બેન્કિંગ શાખાઓનું પ્રમાણ:



સોર્સ: સીએમઆઈઈ

અહી ૨૦૦૭ અને ૨૦૨૧માં બેંક જૂથ અને વિસ્તાર પ્રમાણે બેન્કિંગ શાખાઓના વલણોમાં કેવું પરિવર્તન આવ્યું છે તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉપરોક્ત માહિતીના આધારે એવું કહી શકીએ કે ગ્રામીણ વિસ્તારમાં આ સમયગાળા દરમિયાન ખાનગીક્ષેત્રની બેન્કોનો ફાળો વધ્યો છે જ્યારે જાહેરક્ષેત્ર, પ્રાદેશિક ગ્રામીણ બેંક અને વિદેશી બેન્કોના ફાળામાં ઘટાડો થયો છે. અર્ધ શહેરી વિસ્તારમાં

માત્ર વિદેશી બેંકો સિવાય તમામ પ્રકારની બેન્કોના ફાળામાં વધારો થયો છે. શહેરી વિસ્તારમાં માત્ર સ્મોલ ફાઈનાન્સ બેન્કોના પ્રમાણમાં ઘટાડો થયો છે, આ સિવાયની તમામ પ્રકારની બેન્કોના પ્રમાણમાં વધારો નોંધાયો છે. જ્યારે મેટ્રોપોલીટન શહેરોમાં માત્ર પ્રાદેશિક બેન્કોના ફાળામાં વધારો નોંધાયો છે, બાકીની તમામ પ્રકારની બેન્કોના ફાળામાં ઘટાડો નોંધાયો છે. આથી એવું કહી શકીએ કે મોટાભાગની બેંકો પોતાની સેવાઓ મેટ્રોપોલીટન શહેરો સિવાય અર્ધ શહેરી અને શહેરી વિસ્તારમાં પણ વધારી રહી છે.

બેન્કોમાં થાપણોનું પ્રમાણ:

થાપણ એટલે વ્યક્તિ કે અન્ય સંસ્થા દ્વારા બચતરૂપે જે રકમ વ્યાજ કમાવવાના હેતુથી બેંકમાં રાખવામાં આવે છે તે રકમ. બેંકો લોકો કે અન્ય સંસ્થા પાસેથી થાપણ એકઠી કરી જરૂરિયાતવાળા વ્યક્તિ કે ધંધાકીય એકમોને ધીરવાનું કામ કરે છે. બેંકો આ રીતે ધીરેલી રકમમાંથી વ્યાજરૂપી કમાણી કરતી હોય છે. બેંકો પાસે જેમ આ થાપણોનું પ્રમાણ વધુ તેમ બેંકો વધારે ધિરાણ કરી શક્તિ હોય છે જેની હકારાત્મક અસર દેશના આર્થિક વિકાસ પર પડતી હોય છે. જો બેંકો થાપણો માટે લોકોને વધારે પ્રોત્સાહિત કરે તો સમાજમાં બચતનું પ્રમાણ પણ વધે છે. જેમ-જેમ બચતનું પ્રમાણ વધે તેમ તેમ મૂડીરોકાણનું પ્રમાણ અર્થતંત્રમાં વધે છે. અહી જુદા જુદા પાસાથી બેન્કોમાં થાપણોના પ્રમાણને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વિવિધ થાપણોનું પ્રમાણ:

મુખ્યત્વે થાપણોના ત્રણ પ્રકાર પડે છે. ધંધાકીય એકમો પોતાના રોજબરોજના વ્યવહારોને સાચવવા માટે જે થાપણ બેંકમાં રાખે છે તેને ચાલુ થાપણ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય લોકો તેની અમુક સમયની નાણાની જરૂરીયાત સંતોષવા માટે જે થાપણો રાખે છે તેને બચત થાપણ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે લોકો અને સંસ્થાઓ વ્યાજ કમાણીના હેતુથી લાંબા સમય માટે જે થાપણો રાખે છે તેને બાંધી મુદતની થાપણો તરીકે ઓળખવામાં આવે છે. અહી થાપણોના પ્રકાર પ્રમાણે સમગ્ર દેશની સરખામણીએ ગુજરાત રાજ્યનો થાપણોનો હિસ્સો કેટલો છે તે તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત ગ્રાફના આધારે ખ્યાલ આવે છે કે 1991થી 2011 દરમિયાન ગુજરાત રાજ્યમાં ભારત દેશની સરખામણીએ કુલ થાપણોનું પ્રમાણ ઘટતું જાય છે. જ્યારે 2011થી 2021 દરમિયાન આ પ્રમાણમાં વધારો જોવા મળે છે. બાંધી મુદતની થાપણોમાં પણ કુલ થાપણો જેવી જ સ્થિતિ દેખાય રહી છે. ચાલુ થાપણોમાં દર દસકાએ વધારો ઘટાડો થતો જોવા મળે છે. જ્યારે બચત થાપણોના પ્રમાણમાં દરેક દસકામાં વધારો માલુમ પડે છે. બેન્કોની દ્રષ્ટિએ વ્યાજની કમાણીના સંદર્ભમાં બાંધી મુદતની થાપણો વધારે લાભદાયી છે.

વિસ્તાર પ્રમાણે થાપણોનું પ્રમાણ:

થાપણો મુખ્યત્વે ક્યાં વિસ્તારમાંથી આવે છે તેને આધારે તેને ચાર વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે, જેવા કે ગ્રામીણ, અર્ધ શહેરી, શહેરી અને મેટ્રોપોલીટન શહેરો. સામાન્ય રીતે મોટા શહેરોમાંથી વધારે થાપણો આવતી હોય છે તેવી માન્યતા હોય છે. અહી વિસ્તાર પ્રમાણે થાપણોના પ્રમાણને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત ગ્રાફ દર્શાવે છે કે 1990-91માં થાપણોમાં સૌથી વધારે હિસ્સો શહેરી અને સૌથી ઓછો હિસ્સો ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતો હતો. જ્યારે 2020-21માં સૌથી વધારે હિસ્સો મેટ્રોપોલીટન અને સૌથી ઓછો હિસ્સો ગ્રામીણ વિસ્તારમાંથી હતો. ગ્રામીણ વિસ્તારની થાપણોનો હિસ્સો દરેક દસકામાં ઘટતો જાય છે. અર્ધ શહેરી અને શહેરી વિસ્તારમાં પ્રથમ ત્રણ દસકામાં આ હિસ્સો ઘટે છે અને છેલ્લા દસકામાં સામાન્ય વધારો થાય છે. તેનાથી ઉલટું, મેટ્રોપોલીટન વિસ્તારમાં પ્રથમ ત્રણ દસકામાં થાપણોનો હિસ્સો વધતો જાય છે અને છેલ્લા દસકામાં તેમાં સામાન્ય વધારો માલુમ પડે છે. બીજી દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાત રાજ્યની કુલ થાપણોમાં અડધા કરતા વધારે થાપણો મેટ્રોપોલીટન વિસ્તારમાંથી આવે છે. ગુજરાત રાજ્યમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ 58 ટકા જેટલું હોવા છતાં તે વિસ્તારમાંથી આવતી થાપણોનું પ્રામાણ માત્ર 11ટકા આસપાસ જોવા છે.

ભારતની તુલનામાં વિસ્તાર પ્રમાણે થાપણોનું પ્રમાણ:

સમગ્ર ભારતમાં કુલ થાપણોનું પ્રમાણની સરખામણીમાં ગુજરાત રાજ્યમાં વિવિધ દસકા દરમિયાન થાપણોનું પ્રમાણ કેટલું છે તે તપાસવાનો પ્રયત્ન અહી કરવામાં આવ્યો છે. નીચેના ગ્રાફથી આ બાબતનો ખ્યાલ આવશે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત ગ્રાફ પરથી ખ્યાલ આવે છે કે સમગ્ર ભારતની સરખામણીએ ગુજરાત રાજ્યના ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારમાં થાપણોનું પ્રમાણ સતત દરેક દસકા દરમિયાન ઘટતું જાય છે. શહેરી વિસ્તારમાં પ્રથમ ત્રણ દસકા દરમિયાન થાપણોનો હિસ્સો ઘટતો જાય છે અને છેલ્લા દસકા દરમિયાન થોડો વધારો જોવા મળે છે. જયારે મેટ્રોપોલીટન શહેરોમાં આ હિસ્સો વધ-ઘટ થતો રહે છે. સમગ્ર ભારતની તુલનાએ ગુજરાત રાજ્યની વસ્તી લગભગ 4.95 ટકા જેટલી છે જ્યારે સરેરાશ થાપણોનું પ્રમાણ 5.59 ટકા જેટલું છે.

શાખનું પ્રમાણ:

કોઈ પણ રાષ્ટ્રના વિકાસમાં શાખનું વિતરણ અગત્યનો ભાગ ભજવે છે. દેશમાં જેમે જેમ શાખનું વિસ્તરણ થાય તેમ અર્થતંત્રમાં કૃષિ, ઉદ્યોગો અને સેવાઓના ઉત્પાદનમાં વધારો થાય છે. જે દેશની આર્થિક વૃદ્ધિને ઝડપી બનાવે છે. આમ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ આર્થિક વૃદ્ધિ દેશમાં રોજગાર અને આવકમાં વધારો લાવે છે. અહી શાખના પ્રમાણને જુદા-જુદા દ્રષ્ટિકોણથી તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બેંક જૂથ પ્રમાણે શાખનું વિતરણ:

બેન્કના વિવિધ જૂથ જેવા કે જાહેરક્ષેત્ર, ખાનગીક્ષેત્ર, વિદેશી બેંક અને પ્રાદેશિક ગ્રામીણ બેંકનો કુલ શાખ વિતરણમાં કેટલો હિસ્સો છે તે અહી તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે 1990-91માં શાખ વિતરણનું સૌથી વધુ પ્રમાણ જાહેરક્ષેત્રની બેન્કોનું અને સૌથી ઓછું ખાનગીક્ષેત્રની બેન્કોનું હતું. આ વર્ષ સુધી મોટાભાગની શાખ આ બેંકો દ્વારા જ આપવામાં આવતી હતી. ત્યારબાદ ક્રમશઃ જાહેરક્ષેત્રની બેંકો દ્વારા શાખ વિતરણનો હિસ્સો ઘટી રહ્યો છે અને ખાનગીક્ષેત્રનો હિસ્સો વધી રહ્યો છે. વર્ષ 2010-11 થી 2020-21ના ગાળા દરમિયાન જાહેરક્ષેત્રની બેન્કોનો હિસ્સો મહત્વપૂર્ણ રીતે ઘટ્યો છે અને ખાનગીક્ષેત્રનો હિસ્સો ઘણો વધ્યો છે. આ સમયગાળા દરમિયાન જાહેરક્ષેત્રના હિસ્સામાં જેટલો ઘટાડો થયો છે તેનાથી થોડો જ ઓછો હિસ્સો ખાનગીક્ષેત્રનો વધ્યો છે. આમ, નવા આર્થિક સુધારા બાદ ખાનગી બેન્કોના વિકાસના કારણે તેના શાખ વિતરણમાં પણ ખાસ્સો વધારો થયો છે. જ્યારે વિદેશી બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેન્કોના શાખ વિતરણમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી.

બેન્કોની શાખ મર્યાદાની સામે શાખ વિતરણની વાત કરીએ તો જાહેરક્ષેત્ર અને વિદેશી બેન્કોમાં પ્રથમ બે દસકા દરમિયાન મર્યાદા કરતા શાખ વિતરણ ઓછું અને છેલ્લા બે દસકા દરમિયાન મર્યાદા કરતા વિતરણ વધારે રહ્યું છે. પ્રાદેશિક ગ્રામીણ બેન્કોમાં છેલ્લા

ત્રણ દસકા દરમિયાન શાખ મર્યાદા કરતા વિતરણ વધારે છે. જયારે ખાનગી બેંકોમાં છેલ્લા ત્રણ દસકા દરમિયાન મર્યાદા કરતા ઓછું જોવા મળે છે.

વિસ્તાર પ્રમાણે શાખનું વિતરણ:

ગુજરાત રાજ્યમાં વિસ્તાર પ્રમાણે કુલ શાખ વિતરણ કઈ રીતે થયું છે તે બાબત પણ અગત્યની છે. જે વિસ્તારમાં શાખ વિતરણ વધે છે તે વિસ્તારનો વિકાસ વધે છે. અહી વિસ્તારને ચાર ભાગ જેવા કે ગ્રામીણ, અર્ધ શહેરી, શહેરી અને મેટ્રોપોલીટનમાં વહેચી શાખ વિતરણની સ્થિતિ જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત ગ્રાફ દર્શાવે છે કે 1990-91માં સૌથી વધુ શાખનો હિસ્સો એટકે કે 50 ટકા શહેરી વિસ્તારના ફાળે આવતો હતો. તેમછતાં એક ચતુર્થાંઉસ કરતા થોડો વધારે હિસ્સો ગ્રામીણ વિસ્તારના ફાળે આવતો હતો. પરંતુ 2010-11 સુધીમાં મેટ્રોપોલીટન શહેરો વધ્યા હોવાથી તેના ભાગમાં સૌથી વધુ એટલે કે 60 ટકા આસપાસ હિસ્સો છે. જ્યારે આ સમયમાં શહેરી વિસ્તારનો માત્ર 19 ટકા અને ગ્રામીણ વિસ્તારનો માત્ર 10 ટકા આસપાસ જ છે.

શાખ-થાપણ ગુણોત્તર (સી. ડી. રેસીયો)

શાખ થાપણ ગુણોત્તરએ બેંક દ્વારા થાપણની સામે કેટલી લોન આપવામાં આવી છે તેનું પ્રમાણ છે. બેંક દ્વારા જે થાપણ એકત્ર કરવામાં આવી છે તેના કેટલા ટકા લોન તરીકે આપવામાં આવ્યા છે તે દર્શાવતો આંક એટલે શાખ-થાપણ ગુણોત્તર. નીચો સીડી રેસીયો એવું દર્શાવે છે કે થાપણના પ્રમાણમાં શાખનું પ્રમાણ ઓછું છે. મોટાભાગે મંદીના સમયમાં આવું જોવા મળતું હોય છે. આનાથી વિરુદ્ધ, ઉંચો સીડી રેસીયો થાપણના પ્રમાણમાં વધુ શાખની માંગ દર્શાવે છે. અહી આપણે ગુજરાતમાં સીડી રેસીયાની સ્થિતિ તપાસવાનો પ્રયત્ન કરેલ છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે 2008થી 2014 સુધી સીડી રેસીયો વધતો જાય છે. 2008ના વર્ષમાં રાજ્ય મંદીમાંથી બહાર નીકળી તેજી તરફ આગળ વધતું હતું. આથી 2008 પછીના સમયમાં આ રેસીયામાં વધારો થતો જોવા મળ્યો છે. 2014થી 2017 દરમિયાન નોટબંધી અને જીએસટી જેવી આર્થિક ઘટનાએ ધંધાકીય પ્રવૃત્તિ પર વિપરીત અસર ઉપજાવી હોવાથી આ પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળે છે. ત્યારબાદ રાજ્યનું અર્થતંત્ર ફરી તેજી તરફ પ્રયાણ કરવાથી આ રેસીયામાં વધારો થયેલ છે.

એટીએમનું પ્રમાણ:

એટીએમ મશીનોમાંથી દિવસ કે રાત કોઈપણ સમયે કોઈ પણ વ્યક્તિ પૈસા ઉપાડી શકો છે. એટીએમ કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન લોકોને મદદ કરે છે. તમામ હોસ્પિટલો, રેલ્વે સ્ટેશનો અને એરપોર્ટ પર ઓછામાં ઓછું એક એટીએમ મશીન આપવામાં આવે છે જેથી લોકોને જરૂર પડે ત્યારે પૈસા ઉપાડી શકાય. એટીએમ મશીનો એટલા આધુનિક બની ગયા છે કે તમે તેનો ઉપયોગ કરીને તમારા પૈસા ટ્રાન્સફર પણ કરી શકો છો. આ મશીનોની મદદથી ઈન્ટ્રા-બેંક અને આંતર-બેંક ટ્રાન્સફર બંને શક્ય છે. જો કે આંતર-બેંક વ્યવહારો માટે નિયમો અને શરતો અનુસાર શુલ્ક લેવામાં આવે છે. તમે ઈન્ટ્રા-બેંક વ્યવહારો બિલકુલ મફતમાં કરી શકો છો. બધા એટીએમ એક મિની સ્ટેટમેન્ટ આપશે જે તમને તમારા એકાઉન્ટ દ્વારા થયેલા વ્યવહારો જાણવામાં મદદ બને છે. તમને એટીએમ મશીનોમાંથી તમારા ખાતાનો ઉપયોગ કરીને તમે કરેલા છેલ્લા ૪ વ્યવહારોની વિગતો મળશે. એટીએમ મશીનનો ઉપયોગ માત્ર પૈસા ઉપાડવા માટે જ થતો નથી, પરંતુ તમારા ખાતામાં બેલેન્સની રકમ તપાસવા માટે પણ થાય છે. જાહેરાતકર્તાઓ, આજકાલ આ મશીનોની સ્ક્રીન પર જાહેરાતો પ્રદર્શિત કરીને તેમના ઉત્પાદનોના પ્રચાર માટે ATM મશીનોનો ઉપયોગ કરે છે. કેટલાક એટીએમ કંપની અથવા બ્રાન્ડ દ્વારા આપવામાં આવેલી ઑફર્સની વિગતો સાથે રસીદો પણ પ્રદાન કરે છે. આમ આ મશીન લોકોને ખુબ જ ઉપયોગી સાબિત થાય છે. અહી આપણે એટીએમની ગુજરાતમાં શું સ્થિતિ છે તેની ચર્ચા કરીશું.

ભારતની તુલનામાં એટીએમનું પ્રમાણ:

સમગ્ર ભારતની તુલનાએ ગુજરાતમાં બેંક જૂથ પ્રમાણે એટીએમનું પ્રમાણ કેટલું છે તે જાણવાનો અહી પ્રયત્ન કરવામાં આવ્યો છે.



સોર્સ: સીએમઆઈઈ

ઉપરોક્ત માહિતીના આધારે કહી શકાય કે સમગ્ર ગુજરાતમાં ભારતની તુલનાએ એટીએમ મશીનનું પ્રમાણ 5.5 થી 6.0 ટકાની વચ્ચે રહ્યું છે. જાહેર ક્ષેત્રની બેન્કોના એટીએમનો હિસ્સો પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન વધી બાદના સમયમાં ઘટ્યો છે. જ્યારે ખાનગી ક્ષેત્રની બેન્કોનો હિસ્સો પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન ઘટી ત્યારબાદના સમયમાં વધ્યો છે. આવી જ સ્થિતિ વિદેશી બેન્કોના એટીએમના પ્રમાણમાં પણ જોવા મળે છે.

કુલ એટીએમમાં બેંક જૂથ પ્રમાણે એટીએમનું પ્રમાણ:

સમગ્ર ગુજરાતમાં મુખ્ય ત્રણ જૂથની બેંકો જેવી કે જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ વિદેશી બેંકો દ્વારા એટીએમ મશીનની સુવિધા વિકસાવવામાં આવી છે. આ ત્રણ જૂથની બેંકોનો કુલ એટીએમ મશીનની સંખ્યામાં કેટલો હિસ્સો છે તે અહી તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.



	2012-13	2015-16	2018-19	2021-22
Public sector banks	59.31	71.58	64.88	55.06
Private sector banks	40.16	27.06	31.57	37.38
Foreign banks	0.53	0.26	0.21	0.32

સોર્સ: સીએમઆઈઈ

ગ્રાફ એવું દર્શાવે છે કે જાહેર ક્ષેત્રની બેન્કોના એટીએમનો હિસ્સો પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન વધી બાદના સમયમાં ઘટ્યો છે. પરંતુ હાલમાં પણ અડધા કરતા વધારે હિસ્સો આ બેન્કોનો છે. ખાનગીક્ષેત્રની બેન્કોનો હિસ્સો પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન ઘટીને ત્યારબાદ

વધતો જાય છે. પરંતુ હજી પણ વર્ષ 2012-13ની સરખામણીએ ઓછો જોવા મળે છે. જયારે વિદેશી બેંકોનો હિસ્સો શરૂઆતમાં ઘટીને 2021-22માં વધે છે. તેમ છતાં વર્ષ 2012-13 કરતા ઓછો જોવા મળે છે.

સમાપન નિષ્કર્ષ:

ગુજરાત રાજ્યમાં બેન્કિંગ ક્ષેત્રની સ્થિતિ અને પડકારો તપાસવાનો પ્રયાસ અહી કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જાહેરક્ષેત્રની બેન્કોની શાખાઓનો હિસ્સો ઘટી રહ્યો છે જયારે ખાનગી ક્ષેત્રની બેન્કોની શાખાઓનો હિસ્સો વધતો જાય છે. આમ થવાનું મુખ્ય કારણ ૧૯૯૧માં અપનાવેલા આર્થિક સુધારાના ભાગરૂપે ખાનગીકરણને વેગ આપવાથી ખાનગીક્ષેત્રની બેન્કોની શાખાઓમાં વધારો થઇ રહ્યો છે. બીજી બાજુ કેન્દ્ર સરકાર દ્વારા નબળી પડતી જાહેરક્ષેત્રની બેન્કોનું વિલીનીકરણ કરવાથી પણ આ જૂથની બેન્કોની શાખાઓનું પ્રમાણ ઘટતું જાય છે. સામાન્ય રીતે સામાજિક જવાબદારી નિભાવવાનું કાર્ય જાહેરક્ષેત્રની બેંકો જ કરતી હોય છે. આથી આ બેન્કોની શાખાઓ ઘટશે તો આવનારા સમયમાં આ દાયિત્વ કોણ અદા કરશે તે એક પડકાર રહેશે. ૧૯૯૧ પછી ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે. જ્યારે ૭૦ના દસકામાં બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું ત્યારે ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓનું વિસ્તરણ કરવું તેવો ગોલ રાખવામાં આવ્યો હતો. આ ધ્યેય પ્રમાણે બેન્કિંગ શાખાઓના પ્રમાણમાં વધારો પણ થયો હતો. પરંતુ ૧૯૯૧ પછી ખાનગી બેન્કોનો વ્યાપ વધવાથી અને ગ્રામીણક્ષેત્રે બેન્કિંગ શાખાઓ કા તો ખોટમાં અથવા તો ખાસ આવક ઉભી ન કરી શકવાને કારણે જાહેરક્ષેત્રની બેન્કોને ગ્રામીણક્ષેત્રે બેન્કોની શાખાઓ ખોલવામાં ખાસ રસ દાખવ્યો ન હોવાથી ગ્રામિણક્ષેત્રે શાખાઓના પ્રમાણમાં ઘટાડો થયેલો માલુમ પડે છે. ગ્રામીણ વિસ્તાર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગણાય છે, આજે પણ બે તૃતીયાંશ વસ્તી ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરી રહી છે. બીજી બાજુ શહેરીકરણનો વ્યાપ વધવાથી આ વિસ્તારના કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. આથી ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું કરવા માટે ગ્રામીણ વિસ્તારમાં શહેરી વિસ્તાર જેવી આંતરમાળખાકીય સેવાઓ આપવી જરૂરી છે. આ સેવાઓમાં બેન્કિંગ સેવાઓ મહત્વનો ભાગ ભજવે છે. જ્યારે આર્થિક રીતે પોષાય તેમ ન હોવાથી આ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓ ઘટી રહી છે. આમ બન્ને બાબતમાં વિરોધાભાસ હોવાથી આ વિસ્તારમાં બેન્કિંગ શાખાઓમાં વધારો કરવો અને તેને ટકાવી રાખવાનો પડકાર રહેશે.

થાપણોએ બચતનું પરિણામ છે. સમગ્ર ભારતની તુલનાએ ગુજરાતમાં થાપણોનું પ્રમાણ ૨૦૧૧માં 4.99 ટકા છે વસ્તીનો હિસ્સો 4.95 ટકા જેટલો હતો. આમ થાપણ અને વસ્તીનો લગભગ સરખા જેવો છે. જ્યારે ૨૦૨૧ના વર્ષમાં આધાર સ્ટેટીસ્ટીક પ્રમાણે ગુજરાત રાજ્યનો વસ્તી હિસ્સો 4.5 ટકા છે અને થાપણોનું પ્રમાણ 5.46 ટકા જેટલું છે. આમ વસ્તીની તુલનાએ થાપણનું પ્રમાણ વધારે હોવા છતાં કેટલાક મહત્વના રાજ્યો કરતા આ પ્રમાણ ઓછું છે. ઘટતા વ્યાજ દરના સમયમાં આ થાપણોના પ્રમાણમાં કઈ રીતે વધારો કરવો તે એક પડકાર રહેશે. વિસ્તાર પ્રમાણે થાપણોની વાત કરીએ તો મેટ્રોપોલીટન શહેરો સિવાય બાકીના વિસ્તારો જેવા કે ગ્રામીણ, અર્ધ શહેરી અને શહેરી વિસ્તારમાં થાપણોનો હિસ્સો ઘટતો જાય છે. ગુજરાતમાં મેટ્રોપોલીટન શહેરોનું પ્રમાણ વધ્યું હોવાથી આ વિસ્તારમાંથી 50 ટકા કરતા વધારે થાપણો આવી રહી છે. તેમ છતાં બાકીના વિસ્તારમાં પણ બચતોનું પ્રમાણ વધારી તેને બેંક થાપણમાં રૂપાંતર કરવાનો પડકાર રહેશે. ખાસ કરીને બાંધી મુદતની થાપણો સતત વધતી જાય તેવી નીતિ આવનારા સમયમાં બેન્કોએ અપનાવવી પડશે.

નવા આર્થિક સુધારા પહેલા કુલ શાખના હિસ્સામાં જાહેરક્ષેત્રની બેન્કોનો હિસ્સો સૌથી વધારે હતો. પરંતુ, નવા આર્થિક સુધારા બાદ શાખના હિસ્સામાં જાહેરક્ષેત્રની બેન્કોનો જેટલો ફાળો ઘટ્યો તેટલો ફાળો ખાનગીક્ષેત્રની બેંકોનો વધ્યો છે. વિસ્તાર પ્રમાણે શાખ વિતરણની વાત કરીએ તો ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં શાખનું પ્રમાણ ઘટતું જાય છે અને મેટ્રોપોલીટન શહેરોમાં આ પ્રમાણ વધ્યું છે. સામાન્ય રીતે, એવું જોવા મળ્યું છે કે આર્થિક માંડી, નોટબંધી અને જીએસટીના અમલીકરણ સમયે સીડી રેસીયામાં ઘટાડો થયો છે અને સામાન્ય સમયમાં આ પ્રમાણ વધ્યું છે. ખુબ મોટા શહેરોને વધુ મોટા બનતા અટકાવવા ગ્રામીણ વિસ્તારમાં વધુ ઉદ્યોગો અને વધુ ધિરાણ થાય તેવા વાતવરણનું સર્જન કરવું એક પડકાર રહેશે.

ગુજરાત રાજ્ય સમગ્ર ભારતના લગભગ સરેરાશ 5 ટકા જેટલી વસ્તી ધરાવે છે. જયારે આ સમયે ભારતની તુલનાએ એટીએમનું પ્રમાણ સરેરાશ 6 ટકાની આસપાસ છે. જાહેરક્ષેત્રની બેન્કોના એટીએમના હિસ્સામાં ઘટાડો થઇ રહ્યો છે અને ખાનગીક્ષેત્રના હિસ્સામાં વધારો થઇ રહ્યો છે. આ એટીએમની સુવિધા અને સેવાની ગુણવત્તામાં વધારો થાય તે એક પડકાર રહેશે.

સંદર્ભ સૂચી:

[1] Arundekar, A. M. at al.(2013). Principles and Practices of Banking. Macmillan Publishers India Limited, New Delhi.

[2] Dr. Snehal Hedvrkar. (2020-21). Reports on Trends and Progress of Banking in India, Reserve Bank of India.

[3] Gajender Kaushik, priti. (2019). banking and Insurance sector in India: recent trends and challenges and feasible growth measures. https://www.researchgate.net/publication/357554581_Banking_and_Insurance_sector_in_India_Recent_Trends_Challenges_and_Feasible_Growth_Measures

[4] Jain, J. N. (2008). Modern Banking and Insurance. Regal Publication, New delhi.

[5] ચોકસી, એ. સી. એન્ડ ઓલ. (૨૦૦૩). બેન્કિંગ કાનૂન અને વ્યવહાર. ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત.

[6] જોશી, આર. સી. એન્ડ ઓલ. (૨૦૧૮). ભારતીય બેન્કિંગ અને ચલણ વ્યવસ્થા. ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત.

Author's Biography:

Dr. Bhavesh N. Desai *has received his bachelor, master and Doctorate degree from M. K. Bhavnagar University, Bhavnagar. He has more than 20 years of teaching experience in different universities of Gujarat. He has published 2 books, chapter in 3 books as well as 16 research papers in peer review, referred and UGC care list journals. He is assistant professor in department of commerce, M. K. Bhavnagar University, Bhavnagar.*

How to Cite this Article?

Desai, B. N. (2022). Status and challenges of banking sector in Gujarat: ગુજરાતમાં બેન્કિંગ ક્ષેત્રની સ્થિતિ અને પડકારો. *Research Review Journal of Social Science*, *2*(2), 06–17. https://doi.org/10.31305/rrjss.2022.v02.n02.002